सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૨૬/૦૭/૦૬
રજી લીધા તારખ :૨૬/૦૭/૦૬

નિકાલ તારીખ : ૧૭/૦૧/૨૫

સમય : વર્ષ : , માસ : , દીવસ :

**અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, શ્રી આર.એ.અગ્રવાલ સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર**

**ક્રિ.કેસ.નંબર : ૨૧૬૯/૦૬**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વીરુધ્ધ**

**આરોપી :૦૧) જાકીરભાઈ ખલીલભાઈ અંસારી**
**રહે: રહેમત મસ્જીદની પાછળ અંસાર બાપુનગર અમદાવાદ શહેર**

---

**ગુનો: ઈપીકોની કલમ ૪૫૨ , ૩૨૩ , ૩૨૫ , ૫૦૬(૨) , ૨૯૪(ખ) , ૪૨૭ , મુજબ**

---

**ફરીયાદપક્ષે:વી.એપીપી.શ્રી.બી.એચ.જાની**
**આરોપીપક્ષે:વી.વકીલ.શ્રી.બી.એસ.પટણી**

---

# - ચુ કા દો -

**૦૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે આ કામના આરોપી ફરીયાદીની પાડોશમા રહે છે અને સાહેદ નં ૨ તથા ૩ ફરીયાદીના પુત્રી - પુત્ર થાય છે ફરીયાદી ઘરે હાજર હોય તે દરમ્યાન આરોપી પોતાના હાથમા પાઈપ લઈ આવી બીભત્સ ગાળો બોલી કહેવા લાગેલ કે તમોને ઘર છોડી ભાગી જવા કહેવા

છતા અહીયા રહો છો તેમ કહી ફરીયાદીના ઘરના આગળના રૂમ ઉપર ચઢી પાઈપથી સીમેન્ટ ના પાઈપ તોડી નાખી રૂમ મા પાઈપ સાથે કુદી પડી ફરીયાદીને પાઈપથી ડાબા હાથ તેમજ જમણા હાથ ના બાવડા મા મુઢ ઈજા કરેલ તથા ફરીયાદીને કહેલ કે ઘર ખાલી કરી જતા રહો નહી તો તમોને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ઈપીકોની કલમ **૪૫૨ , ૩૨૩ , ૩૨૫ , ૫૦૬(૨) , ૨૯૪(ખ) , ૪૨૭ ,** મુજબ ગુન્હો કરેલ છે જેથી ફરીયાદીએ આ કામની ફરીયાદ બાપુનગર પોલીસ સ્ટેશનમા આપેલી.

**૦૨)** આ કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામા આવેલ છે જે સમન્સને ધારા ધોરણસર બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ જેથી ક્રિ. પી.કોડની કલમ ૨૦૭ અન્વયે ની જોગવાઈ નું પાલન કરવામા આવેલ અને આરોપીની સામે તહોમતનામું આંક ૦૩ મા નોંધવામા આવેલ છે. અને ત્યારબાદ ગુના સબબ આરોપીની પ્લી આંક ૦૪ થી ૦૭ મા નીવેદન નોંધવામા આવેલ છે તેમા તેઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવતા સદર ગુન્હો તેઓને કબુલ ન હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવે છે.

**૦૩)** ફરીયાદપક્ષે તરફથી નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવમા આવેલ છે.

**<u>મૌખીક પુરાવા</u>**

| **ક્રમ** | **ફરીયાદી/સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ જુનેદખાન અલીમખાન અજમો ની જુબાની | આંક ૧૧ |
| ૦૨ | પોલીસ સાહેદ બાબુભાઈ સોનીભાઈ લત્તા ની જુબાની | આંક ૧૩ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પંચનામુ | ૧૨ |
| ૦૨ | ફરીયાદ | ૧૪ |
| ૦૩ | મેડીકલ સર્ટી | ૧૬ |

4) ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી

નિર્ણયો સારૂ નીચે મુજબ મુદદા ઉપસ્થીત થાય છે.

**- ૦ મુદ્દાઓ ૦ -**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણેપુરવાર કરે છેકે, આ કામના આરોપી ફરીયાદીની પાડોશમા રહે છે અને સાહેદ નં ર તથા ૩ ફરીયાદીના પુત્રી - પુત્ર થાય છે ફરીયાદી ઘરે હાજર હોય તે દરમ્યાન આરોપી પોતાના હાથમા પાઈપ લઈ આવી બીભત્સ ગાળો બોલી કહેવા લાગેલ કે તમોને ઘર છોડી ભાગી જવા કહેવા છતા અહીયા રહો છો તેમ કહી ફરીયાદીના ઘરના આગળના રૂમ ઉપર ચઢી પાઈપથી સીમેન્ટ ના પાઈપ તોડી નાખી રૂમ મા પાઈપ સાથે કુદી પડી ફરીયાદીને પાઈપથી ડાબા હાથ તેમજ જમણા હાથ ના બાવડા મા મુઢ ઈજા કરેલ તથા ફરીયાદીને કહેલ કે ઘર ખાલી કરી જતા રહો નહી તો તમોને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ઈપીકોની કલમ **૪૫૨ , ૩૨૩ , ૩૨૫ , ૫૦૬(૨) , ૨૯૪(ખ) , ૪૨૭ ,** મુજબ **કરેલ છે?**

**૦૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧... નકારાત્મક.**

**૨... આખરી હુકમ મુજબ.**

**૦૬)** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**- ૦ કા ર ણો ૦ -**

**૦૭)** સદર કેસમા ફરીયાદી તથા સાહેદ ને અવારનવાર સમન્સ કરવામા આવેલ પરંતુ સરનામાના અભાવે કે કેટલાક સાહેદો મરી ગયેલ હોય તેવા શેરા સાથે સમન્સ પરત થયેલ છે જેથી આ કામે મહત્વના ફરીયાદી કે સાહેદ મળી આવેલ નથી.

**૦૮)** આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો સારૂ કેસ સાબીત કરવા માટે પંચ સાહેદ જુનેદખાન અલીમખાન અજમો ને આંક ૧૧ થી તપાસવામા આવેલ છે જો તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ તેમા પંચની કોઈ જ હકીકત બાબતને સમર્થન આપેલ નથી જેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ હોસ્ટાઈલ જાહેર થયા બાદ પણ પંચનામા ની કોઈ જ હકીકત બાબતને સમર્થન આપેલ નથી.

**૦૯)** આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો સારૂ કેસ સાબીત કરવા માટે ફરીયાદીને આંક ૧૩ થી બાબુભાઈ સોનાભાઈ લત્તાને તપાસેલા છે જો તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ તેમા જણાવે છેકે હું છેલ્લા ઘણા સમયથી બાપુનગર પોલીસ સ્ટેશનમા એએસઆઈ તરીકે ફરજ બજાવુંછું અને હાલ હુ નામદાર કોર્ટને લગતી કામગીરી સંભાળું છીં મે મારી ફરજ દરમ્યાન ઘણા

તપાસ કરના અધિકારીઓ સાથે કામ કરેલ છે જેથી હું તેમના તરફથી કરવામા આવેલ કોર્ટ કાર્યવહીથી અવગત છું વધુમા જણાવેછે કે હાલની ફરીયાદ ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ ટેશનમા અપેલી રજુ આંક ૧૪ થી છે હાલના કેસને ઘણા સમય ગયેલ હોય જેથી ફરીયાદી કે સાહેદો મળી આવતા નથી તે હું રેકોર્ડ જોઈને કહી શકું છું.

**૧૦)** આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષ તરફથી ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને જ તપસવામા આવેલ નથી જેથી ફરીયાદપક્ષને મરણતોડ ફટકો પડેલ છે વધુમા જે પંચસાહેદને તપાસવામા આવેલ છે તેઓએ પંચની કોઈ જ હકીકત બાબત જાણતા ન હોય તેવું જણાઈ આવે છે જેથી તેમની જુબાની ગ્રાહે રાખી શકાય નહી વધુમા પોલીસ સાહેદ બાબુભાઈ કે જે એએસઆઈ તરીકે ફરજ બજાવે છે તેઓને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમા સદર કેસ અંગે રેકોર્ડ જોઈ ને માહીતી આપતા હોય તેવુ અત્રેની કોર્ટના રેકોર્ડ પર આવે છે વધુમા તેઓ નજરે જોનાર સાહેદ નથી . વધુમા અન્ય કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી આમ તમામ સંજોગો ધ્યાને લેતા અત્રેની કોર્ટ એવું માને છે કે ફરીયાદપક્ષ આરોપી પરના આક્ષેપીત ગુના સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદા નંબર ૧ નો જવાબ નકારમા અને મુદદા નંબર ૨ નો જવાબ આખરી હુકમ** મુજબ રહેશે.

**– ૦ હુકમ ૦ –**

**૦૧)** આ કામના આરોપીનાઓને **ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧)** હેઠળ ઈ.પી.કો ની કલમ**૪૫૨ , ૩૨૩ , ૩૨૫ , ૫૦૬(૨) , ૨૯૪(ખ) , ૪૨૭ , મુજબ** ગુનામાંથી **નીર્દોષ** છોડી મુકવામા આવે છે.

**૦૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના ૫૦૦૦ ના જામીન રજુ કરવાના રહેશે. અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૦૩) મુદદામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

હુકમ આજ રોજ તા– **૧૭ ,** માહે– જાન્યુઆરી **,** સને– **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૧/૨૦૨૫

અમદાવાદ શહેર

**( આર.એ.અગ્રવાલ )**

૧૦માએડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

સાહેબ શ્રી ની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર

જી.જે.૦૦૯૩૩